અપીલ અરજી નં.૩૮/૦૮–૦૯ તા. ૧૪–૫–૦૮

અરજદારઃ શ્રી એમ.એચ. સચીનવાલા
સામાવાળા:(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન
(૨) ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ.એચ. સચીનવાલાની તા.૨૨–૪–૦૮ ની અરજીથી સ્થા.સમિતિ ઠરાવ નં.૩૯/૦૮ મુજબ સેક્રેટરી વિભાગ ધ્વારા તા. ૪–૨–૦૮ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ તેના અમલ અંગે થયેલ કાર્યવાહી ની માહિતી આપવા બાબત.
સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૧૪–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૮/૦૮–૦૯

શ્રી એમ.એચ. સચીનવાલાની તા.૨૨–૪–૦૮ ની અરજીથી સ્થા.સમિતિ ઠરાવ નં.૩૯/૦૮ મુજબ સેક્રેટરી વિભાગ ધ્વારા તા.૪–૨–૦૮ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ તેના અમલ અંગે થયેલ કાર્યવાહી ની માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નર ના પત્ર નં.સી/૪૮૫ તા.૫–૫–૦૮ થી જવાબ પાઠવેલ જે સંતોષકારક ન જણાતા નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિ ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧ તા.૨૨–૫–૦૮ના રોજ આસી.કમિશ્નરઅને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ માહિતી મળેલ નથી.

જાહેર માહિતી અધિકારીએ નં.સી/૪૮૫ તા.૫–૫–૦૮ ના રોજ અરજદારને સ્થા.સ.ઠ.નં.૩૯/૦૮ તા.૪–૨–૦૮ના અમલ અંગે માહિતી આપતો જવાબ પાઠવેલ છે પરંતુ સદર મળેલ પ્રતિભાવ સંતોષકારક ન જણાતા અપીલ અરજી કરેલ છે. સદર અરજી બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.જીએડી/ઈએસટી/આઈ/૧૨૭ તા.૧૬–૫–૦૮ થી મુદ્દા નં.૧ થી ૭ બાબતે અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" પ્રથમ આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા ઠરાવ અંગે તબકકાવાર હાથ ધરેલ કાર્યવાહીની વિગતો અરજદારને પૂરી પાડેલ જે મુજબ તા.૨૪–૪–૦૮ ના રોજ ખાતાકીય તપાસ અધિકારીને ઘટિત કાર્યવાહી માટે રવાના કરેલ હોવાનું જણાવેલ છે. તથા તા.૧૬–૫–૦૮ ના પત્રથી ડે. મ્યુ. કમિશ્નર (પઅનેઈ) અને અને જાહેર માહિતી અધિકારી ધ્વારા ઠરાવની નકલ સહ હાલ સક્ષમ સત્તાના યોગ્ય તે આદેશો મેળવવા કાર્યવાહી હેઠળ હોવાનું જણાવેલ છે. અરજદારે માં ગેલ માહિતીનું વિષયવસ્તુ શિક્ષાના હુકમ અંગે અમલીકરણ અને નિર્ણયને સ્પર્શતું હોવાનું ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલી માહિતી પરથી સ્પષ્ટ થાય છે. તે સંજોગોમાં આરટીઆઈ એકટની કલમ–૮ (આઈ) ધ્યાને લેતાં પ્રસ્તુત તબકકે બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડેલી માહિતી યથાર્થ જણાય છે. કલમ–૮ (આઈ) ધ્યાને લેતાં સદર કિસ્સામાં નિર્ણયની પ્રક્રિયા પુર્ણ થયે દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ તે અંગેની હકીકતલક્ષી દફતરી માહિતી અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલમાટે
(૨) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) જાણ તથા અમલ માટે
(૩) શ્રી એમ.એચ. સચીનવાલા, સીનીયર કલાર્ક,સેન્ટ્રલ ઝોન (મહેકમ)